**EDII**

**Sandesh**

**October 17, 2019**
**Page No. 4**
**of City life**

# EDIIએ ફેશન આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવ્યો

ઉદ્યોગ સાહસિકતાને લગતા શિક્ષણ , સંશોધન અને તાલીમ માટે માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય સંશાધન સંગઠન આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ક્રિયેટિવ ફેશન આર્ટ, ડિઝાઈન કોર્સ "ફેશન આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ" શરૂ કર્યો છે. ડિસેમ્બર ૨૦૧૯થી શરૂ થતાં આ કોર્સ બે મહિનાનાં રહેશે. આ અભ્યાસક્રમને એવા ઉદ્યોગ સાહસિકો માટે તૈયાર કરવામાં આવ્યો છે કે જેઓ ફેશન ડિઝાઈનમાં તેમની પોતાની બ્રાન્ડનું નિર્માણ કરવા તેમજ ડિઝાઈન, કારોબાર અને મેન્યુફેક્ચરિંગને લગતાં જ્ઞાનનું સંચલન કરવા ઈચ્છે છે. આ અભ્યાસક્રમમાં લાઈફસ્ટાઈલ અને ફેશન બ્રાન્ડની આર્થિક બાબતો, ગ્રાહક વર્તણૂક તથા ડિજીટલ યુગમાં સંચાલન, સ્પર્ધાની માપણી કે સંકલન, વિકાસ, અમલીકરણ તેમજ લાઈફસ્ટાઈલ અને ફેશન બ્રાન્ડનાં સંચાલન, પ્રોડક્ટ, પ્રોટોટાઈપ્સ અને ટેટિંગ્સ વગેરેનો પણ સમાવેશ કરવામાં આવશે.